વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના
વર્ગ.૧ થી વર્ગ.૩ના અધિકારી/કર્મચારીઓના
ખાનગી અહેવાલ લખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૨૦૧૨/૫૫૧૩૪૮/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૪/૭ /૨૦૧૪

વંચાણમાં લીધાઃ-
(૧) સામાન્ય વહીવટી વિભાગ નો તા.૩૧/૩/૮૯નો ઠરાવ ક્રમાંકઃખફલ-૧૧૮૯-ક
(૨) આ વિભાગનો તા.૧૧/૩/૯૨ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૧/ખા.૭૫-અ
(૩) આ વિભાગનો તા.૨૯/૭/૯૯ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૮/૧૫૦૯-અ
(૪) આ વિભાગનો તા.૧૨/૧૧/૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૧/૧૩૪૩-અ
(૫) આ વિભાગનો તા.૩/૩/૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૮/૧૫૦૯-અ
(૬) આ વિભાગનો તા.૨૧/૪/૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૫૯૮/૧૫૦૯-અ
(૭)આ વિભાગનો તા.૨/૫/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૫૨૦૧૨/૫૫૧૩૪૮/અ

**ઠરાવઃ-**

વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના વર્ગ.૧ અને વર્ગ.૨ ના અધિકારીઓ તથા વર્ગ.૩ના કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર અધિકારી, સમીક્ષક અધિકારી અને સેફ કસ્ટડી અધિકારી આમુખમાં દર્શાવેલ આ વિભાગના વખતો વખતના ઠરાવોથી નક્કી કરવામાં આવેલ છે. છેલ્લે સંદર્ભ(૭)માં દર્શાવેલ આ વિભાગના તા.૨/૫/૨૦૧૪ના ઠરાવથી વિભાગનો સંદર્ભ(૫)માં દર્શાવેલ તા.૩/૩/૨૦૦૩ નો ઠરાવ પુખ્ત વિચારણા કર્યા બાદ ખાતાના અધિકારી/કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર અધિકારી તથા સમીક્ષા કરનાર જે અધિકારીઓ નક્કી કર્યા હતા તે હુકમો યથાવત રાખવામાં આવેલ હતા. સદરહુ ઠરાવમાં કેટલાક સંવર્ગના કર્મચારીઓનો સમાવેશ થયેલ ન હતો. આથી વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના અધિકારી/કર્મચારીઓના ખાનગી અહેવાલ લખનાર અધિકારી તથા સમીક્ષા કરનાર અધિકારીઓ તેમજ સેઇફ કસ્ટડી નકકી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાના અંતે આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટ મુજબ કર્મચારી/અધિકારીઓના ખાનગી અહેવાલ લખવા/સમીક્ષા કરવા અને સેઇફ કસ્ટડી નકકી કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૫/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી/તાલીમ અધિકારી(વિ.જા)/ આચાર્ય, આદર્શનિવાસી શાળા.
- સમાન્ય વહીવટ વિભાગ, 'ક' શાખા, સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારી, 'અ.૧' શાખા,સા.ન્યા.અ.વિ., સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટફાઇલ શાખા/ના.સે.અધિ.શ્રી

## પરિશિષ્ટ

| ક્રમ | જેના અહેવાલ લખવાના છે તે અધિકારી/ કર્મચારીનો હોદ્દો | અહેવાલ લખનાર અધિકારી | સમીક્ષા કરનાર અધિકારી | કસ્ટડી અધિકારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સંયુકત નિયામક | નિયામક | સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ અધિકમુખ્ય સચિવશ્રી | નાયબ/સંયુકત સચિવશ્રી(વિ.જા) |
| ૨ | નાયબ નિયામક (સર્વે) | સંયુકત નિયામક | નિયામક(વિજા) | નાયબ/સંયુકત સચિવશ્રી(વિ.જા) |
| ૩ | હિસાબી અધિકારી (વર્ગ.૧) | સંયુકત નિયામક | નિયામક(વિજા) | નાણા વિભાગ |
| ૪ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, (વર્ગ.૨) સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ.૨) વડી કચેરી, આશ્રમશાળા અધિકારી (વર્ગ.૨), વિચરતિ જાતિ કલ્યાણ અધિકારી (વર્ગ.૨) વડી કચેરી | નાયબ નિયામક (વહીવટ) | નિયામકશ્રી (વિ.જા) | નિયામકશ્રી (વિ.જા) |
| ૫ | આંકડા અધિકારી, (વર્ગ.૨) | નાયબ નિયામક | સંયુકત નિયામક | નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્ર ની કચેરી |
| ૬ | નિયામકના રહસ્ય સચિવ | નિયામક (વિ.જા) | નિયામક (વિ.જા) | નિયામક (વિ.જા) |
| ૭ | સંયુકત નિયામકના અંગત મદદનીશ | સંયુકત નિયામક | નિયામક (વિ.જા) | નાયબ નિયામક (વહીવટ) |
| ૮ | વડી કચેરીના જે તે શાખાના વર્ગ.૩ના તમામ કર્મચારીઓ જેવા કે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, | સંબંધિત શાખાનો હવાલો ધરાવતા વર્ગ.૨ ના અધિકારી | જે તે શાખાનો હવાલો ધરાવતા નાયબ નિયામક (વહીવટ) / હિસાબી અધિકારી, | નિયામક(વિ.જા.) |

| | | | | |
|---|---|---|---|---|
| | હેડકલાર્ક, મદદનીશ આશ્રમશાળા અધિકારી, સીનીયર કલાર્ક, જુનીયર કલાર્ક, કલાર્ક કમ ટાઇપીસ્ટ | | | |
| ૯ | સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા) ના જિલ્લા કચેરીના વર્ગ.૩ના કર્મચારીઓ | જે તે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા) | સંયુકત નિયામક | નિયામક(વિ.જા.) |
| ૧૦ | સરકારી કુમાર છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓના વર્ગ.૩ ના તમામ કર્મચારીઓ તથા સીવણ સંચાલિકાઓ વગેરે | જે તે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા) | નાયબ નિયામક (છાત્રાલયનો હવાલો સંભાળતા) | નિયામક(વિ.જા.) |
| ૧૧ | આંકડા મદદનીશ/ સંશોધન મદદનીશ | આંકડા અધિકારી /શાખા અધિકારી (વર્ગ.ર) | નાયબ નિયામક (વહીવટ) | નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડા શાસ્ત્રની કચેરી |
| ૧૨ | મદદનીશ શિક્ષક, આદર્શ નિવાસી શાળા અને વર્ગ.૩ના કર્મચારીઓ | સંબંધિત આચાર્ય/સંબંધિત જિલ્લા અધિકારી | નાયબ નિયામક(આ.નિ.શા) | નિયામક(વિ.જા.) |
| ૧૩ | ઓડીટ અધિકારી (વર્ગ.ર), સીનીયર ઓડીટર, ડેપ્યુટી ઓડીટર, સબઓડીટર વર્ગ.૩ | હિસાબી અધિકારી વર્ગ.૧ | સંયુકત નિયામક | નિયામક, હિસાબ અને તિજોરી |
| ૧૪ | વડી કચેરીના ડ્રાઇવર | સમાજ કલ્યાણ અધિકારી(વહીવટ) | નાયબ નિયામક(વહીવટ) | નાયબ નિયામક (વહીવટ) |
| ૧૫ | આચાર્ય, આદર્શ નિવાસી શાળા, વર્ગ.ર | નાયબ નિયામક (આ.નિ.શા) | સંયુકત નિયામક (વિ.જા.) | નિયામક(વિ.જા.) |

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ